# દેશમાં ૨૪ કલાકમાં વધુ ૯૦ હજાર કેસ

## કોરોના એક દિ'માં ૧૨૯૦ ચેપગ્રસ્તોને ભરખી ગયો : દેશમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૮૨૯૬૧ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થયા : સ્વાસ્થ્ય મંત્રાલય

નવી દિલ્હી, તા.૧૬

ભારતના સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે છેલ્લા એક દિવસમાં કોરોનાથી અત્યાર સુધીમાં સૌથી વધારે ૧૨૯૦ લોકોએ અંતિમ શ્વાસ ભર્યા છે. આ સાથે જ કોરોના સંક્રમણના કારણે મૃત્યુઆંક ૮૨૦૬૬ સુધી પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૯૦૧૨૩ કેસ નોંધાયા છે. આ સાથે જ સંક્રમિતોની કુલ સંખ્યા ૫૦૨૦૩૫૯ સુધી પહોંચી ગઈ છે. જો કે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. જેને કારણે ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ પણ સુધરી રહ્યો છે.

દેશમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૮૨૯૬૧ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૩૯૪૨૩૬૦ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે બુધવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૯૯૫૯૩૩ એક્ટિવ કેસ છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૯૫૬૭૩૦૬ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૯૩૪૭૮૦ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૧૯૬૨૪૫૨૦ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૮૫૫૫૫૮૭ કેસ એક્ટિવ છે.

સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર ભારત, ત્રીજા સ્થાન પર બ્રાઝીલ અને ચોથા સ્થાન પર રશિયા છે.

### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૯૮૧૨૧૭૭ | ૯૪૦૭૭૬ | ૨૧૬૧૪૬૪૮ |
| ભારત | ૫૦૬૦૮૧૮ | ૮૨૫૦૪ | ૩૯૭૬૪૧૩ |
| ગુજરાત | ૧૧૭૭૦૯ | ૩૨૫૯ | ૯૮૨૫૬ |
| ગાંધીનગર | ૩૦૪૧ | ૧૬૦ | ૨૪૬૪ |

# રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૩૬૪ કેસ

## છેલ્લા ૨૪ કલાકમાં ૧૨નાં મોત : અત્યાર સુધીમાં ૩૨૫૯ના મૃત્યુ, ૯૮૧૫૬ ડિસ્ચાર્જ : કુલ ૯૮ લોકો વેન્ટીલેટર પર

ગાંધીનગર,તા.૧૬

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોના ૮૫૧૫૩ ટેસ્ટ કરવામાં આવતા ૧૩૬૪ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે શહેરમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૧૧૭૭૦૯ થયો છે. આજે ૧૨ દર્દીઓના મોત કોરોનાને લીધે થતા કુલ મૃત્યુઆંક ૩૨૫૯ થયા છે. આજે રાજ્યમાં ૧૪૪૭ દર્દી સાજા થયા આ સાથે અત્યાર સુધીમાં કુલ ૯૮૧૫૬ દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૬૨૯૪ એક્ટિવ કેસ છે. જેમાં ૯૮ વેન્ટીલેટર પર અને ૧૬૧૯૬ સ્ટેબલ છે. રાજ્યમાં સતત સંક્રમણ વધતુ જાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૩૫,૨૩,૬૫૩ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં સાજા થવાનો દર ૮૩.૩૯ ટકા થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ કુલ ૬,૦૫,૨૪૬ વ્યક્તિઓ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૬,૦૪,૭૫૩ વ્યક્તિ હોમ ક્વોરેન્ટાઈન છે અને ૪૯૩ વ્યક્તિ ફેસીલીટી ક્વોરોન્ટાઈન છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ કોવિડ-૧૯ના કારણે ૧૨ મોત થયા છે. જેમાં અમદાવાદ મહાનગરમાં ૩, સુરત કોર્પોરેશનમાં ૨ અને સુરતમાં ૩, રાજકોટમાં ૧ અને રાજકોટ કોર્પોરેશનમાં ૧,વડોદરા કોર્પોરેશનમાં ૧, ગીર સોમનાથ માં ૧ મોત કોરોનાના કારણે નોંધાયેલ છે. અમદાવાદ મહાનગરમાં આજે ૧૪૭ અને જિલ્લામાં ૧૮ સાથે કુલ ૧૬૫ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૩૪૨૩૭ થયો છે. આજે શહેરમાં વધુ ૩ મોત સાથે મૃત્યુઆંક કુલ ૧૭૬૯ થયો છે. સુરત શહેરમાં ૧૭૪ અને ૧૦૭ સાથે ૨૮૧ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે. આ સાથે શહેરમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૨૫ હજારને પાર થઈ ૨૫૧૦૨ થયો છે. આજે વધુ ૫ મોત સાથે મૃત્યુઆંક ૭૧૧ થયો છે. વડોદરા શહેરમાં ૮૧ અને જિલ્લામાં ૪૧ સાથે ૧૨૨ કેસ કોરોનાના નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૧૦૨૦૦ થયો છે. આજે ૧ મોત નોંધાતા મૃત્યુઆંક ૧૫૫ થયો છે. રાજકોટ શહેરમાં ૯૯ અને જિલ્લામાં ૪૪ સાથે કુલ ૧૪૩ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૭ હજારને પાર થઈ ૭૧૩૨ થયો છે. આજે વધુ ૧ મોત નોંધાતા મૃત્યુઆંક ૧૧૫ પર પહોંચી ગયો છે.

## પીઢ રાજકારણી અને પૂર્વ સાંસદ લીલાધર વાઘેલાનું ૮૭ વર્ષની વયે નિધન

ગુજરાતના પીઢ રાજકારણીનું અવસાન થતા રાજકીય ગલિયારોમાં ઘેરો શોક લાગ્યો છે. પૂર્વ સાંસદ એવા લીલાધર વાઘેલાનું અવસાન થયું છે આજે તેમને પાટણ ખાતે ૮૭ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા છે. પાટણના પૂર્વ સાંસદ અને ધારાસભ્ય એવા લીલાધર વાઘેલાએ પોતાના પુત્રના ઘરે



ડીસા ખાતે તેમનું અવસાન થયું છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, લીલાધર વાઘેલા છેલ્લા ઘણા દિવસોથી બીમાર હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ૮૭ વર્ષના લીલાધર વાઘેલા ગુજરાતમાં પાંચ વખત ધારાસભ્ય અને એક વખત સાંસદ તરીકે રહી ચુક્યા છે. એટલું જ નહીં તેઓ ત્રણ વખત ગુજરાત સરકારમાં મંત્રી તરીકે પણ પોતાની સેવા આપી ચૂક્યા છે. પાટણના પૂર્વ સાંસદ અને ધારાસભ્ય એવા લીલાધર વાઘેલાએ પોતાના પુત્રના ઘરે ડીસા ખાતે અંતિમશ્વાસ લીધા હતા.

લીલાધર વાઘેલાનો જન્મ ૧૭ ફેબ્રુઆરી ૧૯૩૫ના રોજ મહેસાણના ચાણસ્મા તાલુકાના પીમ્પળ ગામે થયો હતો. તેઓએ બી.એ., બી.એડ સુધી અભ્યાસકર્યો હતો. લીલાધર વાઘેલા અગાઉ કોંગ્રેસ પાર્ટી સાથે જોડાયેલા હતા. ચીમનભાઇ પટેલની સરકારમાં તેઓ મંત્રી પણ રહી ચૂક્યા હતા. તેઓ ૨૦૦૪માં શંકરસિંહ વાઘેલા સામેની ચૂંટણી લડતા સૌથી વધારે લાઈમલાઈટમાં આવ્યાં હતા.

## કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે શાળાએ જવાનું વિદ્યાર્થીઓ માટે હિતાવહ રહેશે નહી : શિક્ષણમંત્રી

ગાંધીનગર, તા. ૧૬

કોરોનાના વધતા સંક્રમણને અનુલક્ષીને રાજ્ય સરકારે આગામી તા. ૨૧ સપ્ટેમ્બર બાદ પણ શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને આજે મળેલી બેઠકના અંતે વિદ્યાર્થીઓના હીતમાં આ નિર્ણય લેવાયો હતો. શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે કોરોનાના લીધે ૨૧મી બાદ પછી વિદ્યાર્થીઓ માટે શાળાએ જવાનું હીતાવહ રહેશે નહી.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યા મુજબ રાજ્યમાં કોરોનાનું સંક્રમણ ઘટે અને નાગરિકોને ત્વરિત સારવાર મળી રહે તે માટે રાજ્યનું સમગ્ર વહિવટીતંત્ર ખભે ખભો મિલાવીને કામ કરી રહ્યું છે. રાજ્યના વિદ્યાર્થીઓને પણ સંક્રમિત થતા અટકાવવા માટે કેંદ્ર સરકાર દ્વારા તમામ રાજ્યોને આગામી ૨૧મી સપ્ટેમ્બરથી મરજિયાત ધોરણે શાળાએ માર્ગદર્શન માટે જવા માર્ગદર્શિકા જાહેર કરી છે ત્યારે ગુજરાત સરકારે પણે વિદ્યાર્થીઓના હિતમાં શાળાએ માર્ગદર્શન માટે ન જવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. પરંતુ હાલની પરિસ્થિતિમાં શિક્ષણ વિભાગ દ્વારા 'હોમ-લર્નીગ' તથા 'ઓનલાઈન' શિક્ષણ કાર્ય જે ચાલુ છે તે યથાવત રહેશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને આજે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ સંદર્ભે વિસ્તૃત ચર્ચા વિચારણા બાદ મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે રાજ્યમાં હાલની કોરોનાની સ્થિતિને ધ્યાને લઈને આ વિદ્યાર્થી હિતલક્ષી મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. તેમણે ઉમેર્યું કે રાજ્યની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માર્ગદર્શન માટે તા.૨૧, સપ્ટેમ્બર બાદ પણ શાળાએ જવાનું રહેશે નહીં. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલ SOP અનુસાર ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ અભ્યાસ હેતુ માટે માતા-પિતાની લેખિત સંમતિ સાથે શાળાએ જઈ શકશે. આ કેન્દ્રની SOPનો અમલ કરવો રાજ્યો માટે મરજિયાત છે તથા રાજ્ય સરકારે રાજ્યની હાલની કોરોનાની સ્થિતિને ધ્યાને લઈ આ કેન્દ્રની SOPની અમલવારીનો નિર્ણય કરવાનો રહેશે તેમ પણ કેન્દ્ર સરકારની માર્ગદર્શિકામાં જણાવાયું છે. આવા સંજોગોમાં રાજ્યનાં સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને ધ્યાને રાખી આ નિર્ણય કર્યો છે કે રાજ્યની શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ભૌતિક રીતે ભેગા થવાથી સંક્રમણનો ભય રહેતો હોઈ અભ્યાસના માર્ગદર્શન માટે શાળાએ જવાનું હિતાવહ રહેશે નહીં.

### ૧૮ સંક્રમિત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરતા અને સે. ૨૬ માં રહેતા ૨૬ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ગુજરાત જાહેર સેવા આયોગના ચેરમેન જેઓ સે. ૧૯ માં રહે છે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૫ માં રહેતા અને આરોગ્ય વિભાગમાં સિની. આસિસ્ટન્ટ તરીકે સેવા આપતા ૩૯ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૩ માંથી આજે બે કેસ મળ્યા છે. જેમાં એક ૮૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સિવિલમાં સારવાર માટે દાખલ કરાયા છે. આ ઉપરાંત સે. ૩ માંથી પોલીસભવનમાં ફરજો બજાવતા પોલીસ અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૨માંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. સે. ૨૨માં જે ગતિએ કેસ વધી રહ્યા છે તેને પગલે સેક્ટર વધુને વધુ સંવેદનશીલ બની ઉભરી રહ્યુ છે. ગુરૂકુળમાં શિક્ષિકા તરીકે ફરજો બજાવતી ૫૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્ય છે. માહિતી કમિશનરની કચેરીમાં નાયબ નિયામક તરીકે ફરજો બજાવતા ૫૭ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે આશ્કા હોસ્પિટલમાં દાખલ કરાયા છે. રાજભવનમાં ડ્રાયવર તરીકે નોકરી કરતા અને સે. ૪ માં રહેતા ૪૮ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કર્મયોગીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં વધતા જતા કેસો સાથે તંત્રની ચિંતામાં વધારો થયો છે. જો કે તંત્રએ રિકવરી રેટ સારો હોવાનો દાવો કર્યો છે. તંત્રએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

### ચાર એક્કા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નંબરોની હરાજીમાં તગડી આવક કરી છે. એકબાજુ જીજે -૧૮ નુ પાસિંગ પણ રૂઆબદાર માનવામાં આવે છે. ત્યારે આ પાસિંગ સાથે પસંદગીનો નંબર મેળવવા માટે પણ અનોખો ક્રેઝ વાહનચાલકોમાં જોવા મળે છે. વાહનોની કીંમત જેટલી રકમ પસંદગીના નંબરો માટે પણ અરજદારો ખર્ચી નાંખે છે. ન્યુમરોલોજીમાં પણ વાહનચાલકો વિશેષ માને છે. જેના લીધે પસંદગીના નંબરની સાથે લક્કી આંકડા અને તેનો સરવાળો પણ નંબર પ્લેટમાં સ્થાન ધરાવે તેનો વિશેષ ખ્યાલ રાખે છે. વાહનચાલકોમાં સામાન્ય રીતે ચાર નવડાનો નંબર હોટ ફેવરીટ હોય છે. પરંતુ હવે ચાર એક્કા માટે વધુ ક્રેઝ જોવા મળે છે. આ નંબર માટે વધુ રકમ ચુકવાય છે.

### નોટીસ આપી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંચાલકને ભારે બ્રિડીંગ મળતાં તંત્ર દ્વારા નોટીસ અપાઈ છે. દહેગામ તાલુકામાં ૧૪૪ સંસ્થાઓના ૧૯૬ કેમ્પસની મુલાકાત તંત્રની ટીમો દ્વારા લેવામાં આવી હતી જેમાં ૧૨ સ્થાનો પર મચ્છરના પોરા જોવા મળ્યા હતા. અહિ પણ ૧ શૈક્ષણિક સંસ્થાને નોટીસ આપવામાં આવી છે. કલોલ તાલુકામાં ૧૮૩ સંસ્થાઓના ૨૪૭ કેમ્પસની ટીમોએ ચકાસણી કરી હતી. જેમાં ૫૬ સ્થાનો પર મચ્છરોના પોરા મળ્યા હતા. માણસા તાલુકામાં ૧૯૩ સંસ્થાઓના ૨૭૦ કેમ્પસમાં આ ચકાસણી હાથ ધરાઈ હતી. અને ૯૧ જગ્યાએ પોરા જોવા મળ્યા હતા. ૩ શૈક્ષણિક સંસ્થાઓ મચ્છરોના પોરા વિશાળ સંખ્યામાં જોવા મળતાં તંત્રની ટીમે નોટીસો ફટકારી છે. જિલ્લામાં વાહકજન્ય રોગચાળો નિયંત્રણમાં રહે તે માટે સર્વેલન્સનો આ બીજો રાઉન્ડ તંત્રની ટીમો દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

### ગ-માર્ગ પર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોગ્ય ધ્યાન અપાય તે અનિવાર્ય બન્યુ છે. શહેરના ગ માર્ગ પર ટ્રાફિકની અવરજવર વધુ ગુંચવણભરી બની છે. એકબાજુ નગરના મુખ્ય ઘ માર્ગ પર અન્ડર પાસની કામગીરીને અનુલક્ષી ડાયવર્ઝન અપાયા બાદ ગ માર્ગ પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે ત્યારે ગ માર્ગને સિકસલેન કરવાની કામગીરીને અનુલક્ષી માર્ગની બન્ને બાજુ મોટામસ ખાડા ખોદવામાં આવ્યા છે. જેના લીધે હાલ આ માર્ગ પર માર્ગ સલામતી જોખમાઈ છે. જયારે ગ માર્ગ પર હોસ્પિટલ સહીત કોર્મશિયલ કોમ્પલેક્ષ પણ સ્થિત છે. આવા સંજોગોમાં માર્ગોની આસપાસ વાહનો પણ પાર્ક થાય છે આવા સંજોગોમાં આ માર્ગ પર રોજબરોજ અકસમાતો થઈ રહ્યા છે. ગ માર્ગ પર માર્ગ સલામતી જોખમાઈ છે. ત્યારે માર્ગ પરની અડચણો દુર કરવા સહીત યોગ્ય ટ્રાફિક નિયમન થાય તે પણ જરૂરી છે. હાલની સ્થિતિએ માર્ગ પર સવારથી જ ટ્રાફિક જામના દ્રશ્યો પણ જોવા મળી રહ્યા છે. વાહનોની વધુ અવરજવરના લીધે ટ્રાફિક જામ સાથે સલામતી સામે પણ સવાલો મંડરાયા છે. આ માર્ગ પર આસપાસના સેકટરોના એપ્રોચ રસ્તાઓ પણ જોડાયેલા છે જેથી ક્રોસ રસ્તાઓ પર પણ વાહન અકસ્માત થાય તેવી દહેશત છે. માર્ગ વાઈડનીંગની કામગીરી દરમિયાન પણ વાહનચાલકો માટે ઉભી થયેલી અડચણો દુર થાય તે અનિવાર્ય છે.

### સેનાની તૈયારી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફોલો કરે, માત્ર ગણતરીના પ્રોટોકોલ ન ચાલી શકે. તેમણે કહ્યું કે, ઈન્ડિયન આર્મી દરેક પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર છે. ઉલ્લેખનીય છે કે, પૈંગોંગ લેકના ઉત્તર કિનારે ફિંગર એરિયા પર ચીને દ્વિપક્ષીય સમજૂતીનું ઉલ્લંઘન કર્યું છે અને હવે જ્યારે પૈંગોંગ લેકના દક્ષિણ કિનારે બધી મહત્વની ટેકરીઓ પર મોરચો સંભાળી ભારતીય સેનાએ પોતાની ઉપસ્થિતિ ઘણી મજબૂત કરી લીધી છે, તો ચીન હવે પ્રોટોકોલની વાત કરી રહ્યું છે. આર્મીના એક અધિકારીએ જણાવ્યું કે, ભારતની પાસે એવા સ્ટ્રેટેજિક એરલિફ્ટ પ્લેટફોર્મ છે, જેનાથી રોડ કનેક્ટિવિટી કપાઈ જાય તો પણ ભારતીય સેના અને એરફોર્સ મળીને એક-દોઢ કલાકમાં જ દિલ્હીથી લદાખ અને ફોરવર્ડ પોસ્ટો સુધી જરૂરી સામાન અને સૈનિકોને પહોંચાડી શકે છે. જોકે, આ મહિને રોહતાંગ ટનલનું ઉદ્ઘાટન થઈ જશે, તે પછી લદાખ રીજન સુધી ઓલ વેધર રોડ કનેક્ટિવિટી પણ થઈ જશે. આર્મીના અધિકારીએ જણાવ્યું કે, ૯ હજારથી ૧૨ હજાર ફૂટ ઊંચાઈ સુધી સૈનિકોન એક્સટ્રીમ કોલ્ડ ક્લાઈમેટ (ઈઝઝ) ક્લોથિંગ આપવામાં આવે છે અને ૧૨ હજારથી વધુ ઊંચાઈ પર તૈનાત સૈનિકોને સ્પેશ્યલ ક્લોથિંગ એન્ડ માઉન્ટેનિયરિંગ ઈક્વિપમેન્ટ (જીઝૈં) આપવામાં આવે છે. એક જવાન માટે એસસીએમઆઈનો ખર્ચ લગભગ ૧.૨ લાખ રૂપિયા સુધી આવે છે.

### સપ્લાય કરશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આરડીઆઈએફ દ્વારા કોરોનાની સારવારમાં મદદરૂપ એવી સ્પુટનિક ફ વેક્સીન તૈયાર કરી છે. ભારત ઉપરાંત બ્રાઝીલ, સાઉદી આરબ, ઈજિપ્ત, યુએઈ અને બેલારુસ સહિત દુનિયાના વિવિધ દેશોમાં કોરોનાની વેક્સીનના ટ્રાયલ્સ કરવામાં આવશે. અગાઉ ચાલુ મહિને રશિયાએ જણાવ્યું હતું કે કોરોનાની રસીનો જથ્થો પુરો પાડવા તેઓ ભારતીય સત્તાધીશો સાથે વાતચીત કરી રહ્યા છે. સૂત્રોના મતે ડ્રગ નિયમનકાર દ્વારા સ્પુટનિક વીને મંજૂરી મળે તે અગાઉ ડો. રેડ્ડી અને આરડીઆઈએફ દ્વારા વ્યાપક ફેઝ થી ટ્રાયલ્સ હાથ ધરવા પડશે જેથી તેની અસરકારકતા અને સુરક્ષા અંગે સંપૂર્ણ ખ્યાલ આવી શકે.

### દિલ્હીમાં વિરોધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સંસદના ચોમાસું સત્રમાં આ ત્રણે ખરડા મંજૂર કરાવી લેવાની સરકારની ઈચ્છા છે. અત્યાર અગાઉ આ ખેડૂતો ચંડીગઢમાં હજારોની સંખ્યામાં હાજર રહીને દેખાવો કરી ચૂક્યા હતા. એ સમયે પોલીસની સાથે અથડામણ પણ થઈ હતી. ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારને ભીડાવવા કોંગ્રેસે ખેડૂતોના આંદોલનને ટેકો જાહેર કર્યો હતો. કોંગ્રેસની જેમ ભાજપના સાથીદાર શિરોમણી અકાલી દળે પણ આ આદેશો અંગે નારાજગી વ્યક્ત કરી હતી. આ મામલે આજે બુધવારે સંસદમાં મતદાન થાય તો અકાલી દળ આદેશની વિરુદ્ધ મત આપશે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં સે. ૭એ કોરોના માટે અતિ સંવેદનશીલ વિસ્તાર બની જવા પામેલ છે.
- ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસ દ્વારા આજે કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને માસ્ક અને સેનીટાઈઝરનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિનની અનોખી ઉજવણી શહેરના ડે. મેયર નાઝાભાઈ ધાંધર દ્વારા કરવામાં આવનાર છે. ઘ-૫ ના ઓપન એર થિયેટરમાં લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યુ છે. એટલુ જ નહિ સેવા સપ્તાહની ઉજવણીને ધ્યાને રાખી આ યજ્ઞ સંપન્ન થયા બાદ નિરાધાર-અનાથ-પછાત બાળકોને જીવન જરૂરી ચીજોની કીટનું વિતરણ, શહેરી આજીવિકા મિશન હેઠળ સ્ટ્રીટ વેન્ડર્સ કાર્ડ વિતરણનું આયોજન કરાયુ છે. રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી આ કાર્યક્રમમાં વિડીયો કોન્ફરન્સથી હાજરી આપનાર છે.
- આજે ગાંધીનગર શહેરને ૨૪૮૭ પેયજળ પુરવઠો આપવાની યોજનાનું ઈ-ખાતમુહૂર્ત થશે. ૨૪ મહિનામાં આ પ્રોજેક્ટ પુરો કરવાનું આયોજન છે.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો વધી છે.
- રાજ્ય સરકાર દ્વારા નવા રચાયેલ ક્લાઈમેટ ચેઈન્જ વિભાગ આજે ૧૧ વર્ષ પૂર્ણ કરી અને ૧૨માં વર્ષમાં પ્રવેશ કરશે. આ માટે કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યુ છે.
- આજે દહેગામ તાલુકામાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૦ મી.મી. વરસાદ નોંધાયો છે.

### યુદ્ધની ધમકી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રયાસ કરશે પણ સાથે જ પોતાની સેનાને તૈયાર પણ રાખશે.

તો ગ્લોબલ ટાઈમ્સે એક્સપર્ટના હવાલાથી દાવો કર્યો છે કે, ભારતના કઠોર વલણને કારણે બંને દેશો વચ્ચેનો આ તણાવ આવનાર ઠંડીના મહિનાઓ સુધી ચાલુ રહી શકે છે. તેઓએ કહ્યું કે, ચીની સેના શિયાળામાં પણ ગતિરોધને ચાલુ રાખવા માટે તૈયાર છે. આ ઉપરાંત ગ્લોબલ ટાઈમ્સના એક વિશ્લેષકે લખ્યું કે, ભારત પંડિત જવાહરલાલ નેહરુની ભૂલને દોહરાવી રહ્યો છે. વર્તમાન સ્થિતિ ૧૯૬૨ જેવી જ છે.

## કન્ટેનરમાંથી એલ્યુમિનિયમની ચોરી કરી વેચી મારવાનું કૌંભાડ ઝડપાયું

રાંધેજા ફાટક નજીક ઝાડી વિસ્તારમાં કન્ટેનરમાંથી એલ્યુમિનિયમ ભંગારની ચોરી કરીને વેચી મારવાનું કૌંભાડનો પર્દાફાશ એલસીબી પોલીસી કર્યો છે. કેન્ટેનરના ડ્રાઈવરોની સાંઠગાંઠથી ચોરીકરતી ટોળકીના ત્રણ સભ્યોને પોલીસે પકડી પાડ્યા છે.

બનાવની મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે સમયે પીએસઆઈ એ.જી. એનુરકારને બાતમી મળી હતી. જેને પગલે ગાંધીનગર-માણસા માર્ગ પર રાંધેજા ગામના પાટક નજીક પોલીસની ટીમ પહોંચી હતી. હોટલ રાજપુરોહિત પાસે કેટલાક શખ્સો કન્ટેનર ખોલી તેમાંથી ભંગાર કાઢવાની ગેરકાયદે પ્રવૃતિ કરી રહ્યા હતા. ખેતરોની વાડની આડમાં જી.જે.૦૧. ડીએન.-૨૫૨૪ નંબરના કન્ટેનરમાંથી ભંગાર ચોરી કરતા નારાયણનાથ બાબુનાથ યોગી (રહે.સાણંદ) તેમજ મનોજ ભાવની શંકર મહેતા (ક્રિષ્ના સોસાયટી વેજલપુર), શ્યામનાથ ભંવનાથ યોગી (રહે.સાણંદ) પોલીસે પકડી પાડ્યા હતા. કેન્ટેનરની બાજુમાં જી.જે.,૦૧. જી.એક્સ-૪૪૯૫ ંબરની જીપ ડાલુ ઉભુ હતું. જેમાં એલ્યુમિનિયમ ભંગારના ચાર ગઠ્ઠા પડેલા હતા. જેમાંથી ૧૨૦ કિલો વનજના અને રૂ.૯૬૦૦ કિમતના ચાર ગઠ્ઠા, ઈલેકટ્રીક કાંટો, ત્રણ હથોડી, ત્રણ પકડ, બે કટર, ત્રણ મોબાઈલ મલી આવ્યા હતા. જેથી પોલીસ ૧૨ લાખનું કન્ટેનર અને રૂ.૩ લાખની જીપ મળીકુલ રૂ.૧૫,૨૮,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કલોલ તાલુકાના પાનસર ગામે જુથ અથડામણ : એકનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પાનસર ગામે ગત મોડી રાત્રીના સુમારે બે જુથ વચ્ચે અથડામણ સર્જાઈ હતી. સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ મોટુ સ્વરુપ ધારણ કર્યું હતું. એક જુથના સભ્યોએ બીજા જુથના નાગરીકો પર પથ્થર મારો અને લાકડીઓ વડે હુમલો કરતા કેટલાક નાગરીકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોને તાત્કાલીક સારવાર માટે લઈ જવાયા હતા. જયાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન આધેડનું મૃત્યું થયુ હતું. સમાજના આગેવાનોએ મૃતદેહ સ્વીકારવાની ના પાડતા કલોલ સ્થિત હોસ્પિટલમાં વાતાવરણ તંગ બની ગયું હતું.પાનસર ગામમાં પણ કોઈ બનાવ ન બને તે માટે પોલીસે બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જો કે બનાવ અંગે પોલીસ ફરીયાદ થતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ કલોલના પાનસર ગામે પરા વિસ્તારમાં રહેતા દિનેશ સાંકાભાઈ રાવળ દ્વારા નોંધાવેલી ફરીયાદ મુજબ ગત મોડી સાંજે રવિ જયરામ અને જીગર જયરામ બાઈક લઈને પુરપાટ ઝડપે બાઈક લઈને નીકળ્યા હતા. તેને લઈને શૈલેષ અને વિશાલ તેમને રોકી કહ્યું હતું કે આટલી સ્પીડમાં બાઈક ન ચલાવો કહેતા બંન્ને ભાઈઓ ઉશ્કેરાઈ ગયા હતા. તેઓ થોડીવાર પછી લાકડીઓ લઈને આવ્યા હતા અને બંન્ને જણાને માર માર્યો હતો. બનાવ પછી કેટલાક નાગરીકો સામેવાળા યુવકોને સમજાવવા માટે ગયા હતા, ત્યાં પણ તેઓને ઢોર માર મારવામાં આવ્યો હતો. ત્યારબાદ રાત્રીના સુમારે એક જુથ દ્વારા બીજા જુથ પર પથ્થરમારો કરાયો હતો. જેમાં અનેક નાગરીકોને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક કલોલ ખાતે સારવાર માટે ખસેડાયા હતા.જયાં સવારના સુમારે સારવાર દરમિયાન એક આધેડનું મૃત્યું થયુ હતું.